

જનસેવા - ગાંધીનગરની એક આગવી ઓળખ છે.... સાંસ્કૃતિક, સામાજીક, શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓથી ધમધતું આ શહેરના વિકાસ અને સુંદર-સ્વચ્છ નગર બનાવવા શ્રમજીવી અને સફાઈ કામદારો ઉનાળાની કાળઝાળ ગરમીમાં શ્રમદાન દરમિયાન ગરમીમાં પગના રક્ષણ માટે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ અભિયાન હાથ ધર્યું છે જેના ભાગરૂપે ગાંધીનગર ફાયરબ્રિગેડ ઓફીસ ખાતે સફાઈ કામદારોને પગરખા વિતરણનો કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં વસાહત મહામંડળના પ્રમુખ સહિત આગેવાનો અને કાર્યકરોએ સફાઈ કામદારોને પગરખા વિતરણ કરી જનસેવાનો લાભ લીધો હતો. (તસવીર : દિપક જાની)

# બંધ પડી ગયેલા ટ્રકમાંથી ઉતરેલા મજુરને ડમ્પરે અડફેટે લેતાં મોત

## સે. ૩૦ સર્કલથી આગળ સ્મશાન વળાંક પાસે આઈશર ટ્રક બગડી હતી : યુવાન મજુરને ટક્કર મારી ડમ્પરચાલકે મોતને ઘાટ ઉતાર્યો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સે. ૩૦ સર્કલથી ચિલોડા તરફ આઈશર ટ્રક જઈ રહ્યો હતો. તે દરમ્યાન સ્મશાન પાસે વળાંક નજીક ટ્રક બંધ પડતા ડ્રાઈવર અને મજુર ટ્રકમાંથી નીચે ઉતર્યા હતા. તે દરમ્યાન બેફામ ગતિએ આવી રહેલા ડમ્પરે ટ્રકમાંથી ઉતરેલા યુવાન મજુરને અડફેટે લઈ લેતા ગંભીર રીતે ઘવાયો હતો. હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલા મજુરનું સારવાર દરમ્યાન કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. ડમ્પર મુકીને તેનો ચાલક ફરાર થઈ ગયો હતો. સે. ૨૧ પોલીસે ડમ્પરચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. વડોદરાના સાવલી વિસ્તારમાં રહેતા દેવેન્દ્રભાઈ સનાભાઈ નાયક આઈશર લઈને ગાંધીનગર-ચિલોડા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન સ્મશાન પાસેના વળાંક નજીક તેમની ટ્રક બંધ પડી જતાં દેવેન્દ્રભાઈ અને તેમની સાથે આવેલો મજુર કાનજી ચતુરજી સોલંકી ટ્રકમાંથી ઉતરી રસ્તાની સાઈડમાં ઉભા રહ્યા હતા. તે દરમ્યાન સડસડાટ આવતી ડમ્પર નં. જીજે-૧-જી-૬૩૮૩ના ચાલકે મજુર કાનજીને અડફેટે લઈ લેતા ફંગોળાઈને રસ્તા પર પટકાયો હતો. ઘાયલ હાલતમાં તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. સે. ૨૧ પોલીસે ડમ્પર ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી તેની શોધખોળ શરૂ કરી છે અને મૃતદેહ પી.એમ. માટે મોકલી તપાસ આગળ ધપાવી છે.

# ગાંધીનગરના સફાઈ કામદારોની ચરણસેવા કરતું મહામંડળ

ગાંધીનગર, તા. ૨૯

સમગ્ર દેશ અને રાજ્યમાં ગરમીનો પ્રકોપ ભરડો લીધો છે. તેમ પાટનગર ગાંધીનગર પણ તેમાંથી બાકાત નથી. ત્યારે પાટનગરની સામાજિક સેવાભાવી સંસ્થાઓ સમગ્ર પરિસ્થિતિમાં જરૂરમંદ લોકો અને પશુ-પક્ષીઓની સેવા કરવામાં બાકાત રહ્યા નથી.

આજરોજ ગાંધીનગરની સફાઈ કરતા કામદારોને ઉગાડપગે જ્યારે સફાઈનું કામ કરે તેને પગ રક્ષણ પૂરું કરવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, અરૂણોદય સેવા ટ્રસ્ટ અને સદવિચાર પરિવાર દ્વારા મહાનગરમાં રોજમદારી પર કામ કરતા શ્રમિકોને મહાનગરપાલિકાના કમિશ્નર લલિત વાડલીયાના હસ્તે પગરક્ષણ માટે ચંપલ વિતરણ કરવામાં આવેલ હતું. આ વખતે મદદનીશ કમિશ્નર ચૌધરી, સે. આઈશ્રી દેસાઈ, પટેલ, માંડલીયા મહેતા વગેરે ફાયર ઓફિસર મહેશભાઈ મોઢ દ્વારા જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હતી.

ગાંધીનગરના વિકાસના કામ કરતા શ્રમિકોને આશરે ૧૫૦૦થી વધુ ચંપલોનું વિતરણ કરવામાં આવેલ છે. અરૂણભાઈ બુચ, મયુર વ્યાસ, સુધીર દેસાઈ, શશીકાન્ત મોઢ, નિલેન્દુ વોરા, બી.એ. શુક્લ, કિશોર જીકોદરા વગેરે દ્વારા સેવાસેતુમાં જોડાયા હતા.

૩૯ શાળાના ૪૮૦૦ બાળકો, ૧૫૦૦ શ્રમિકો, ૧૦૦૦ બાળકોને પગરક્ષણ પુરુ પાડી રાહત પહોંચાડી છે. ૧૦૦૦ પક્ષી પરબ વિના મૂલ્યે નગરમાં મુકેલ છે. ૫૦૦૦ પક્ષી પરબો મુકવાનું કામ પૂર્ણ કરેલ છે.

## નાગરિક સરંક્ષણની અગત્યની બેઠક ૩૧મીએ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નાગરિક સંરક્ષણ કચેરીના તમામ વોર્ડના સભ્યો તથા અદિકારીઓની એક અગત્યનીબેઠક તા. ૩૧-૫-૨૦૧૩ના રોજ બપોરના ૪ કલાકે ડૉ. જીવરાજ મહેતા બવન, બ્લોક નં-૨, નાગરિક સંરક્ષણ કચેરી, ગાંધીનગર ખાતે રાખવમાં આવેલ છે.તેથઈ તમામ સભ્યોને આ અગત્યની બેઠકમાં હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

# દુકાનની સામે લારી મુકી એટલે સળીયા અને ધોકાથી ધોલાઈ કરી

## ફળોની લારી કેમ મુકી કહીને દુકાનદારે મારઝુડ કરીને મારી નાંખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર નજીક રણાસણ રીંગ રોડ પાસે આજે સવારે એક દુકાનની સામે ફળોની લારી મુકી ધંધો શરૂ કરી દેતા દુકાનદાર બગડ્યો હતો અને લારીવાળાને તથા તેની સાથે આવેલી મહિલાને ધોકા અને સળીયા મારીને ફળો ભરેલી આખેઆખી લારી ઊંધી કરી દીધી હતી. લારીવાળાને જાનથી મારી નાંખવાની ધમકીઓ પણ આપતા સમગ્ર મામલો પોલીસસ્ટેશન પહોંચ્યો હતો અને ચાર શખ્સો વિરૂદ્ધ ફરીયાદ આપતા ડભોડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ગાંધીનગર પાસેના વલાદ ગામમાં રહેતા અને ફળોની લારી રાખીને ફળો વેચી ગુજરાન ચલાવતા ઈશ્વરભાઈ કાળાભાઈ દેવીપુજક આજે સવારે તેમની ફળોની લારી લઈને રણાસણ રીંગરોડ શોપીંગ સામે ઉભી કરી દીધી હતી. લારીની પાછળ સ્થિત દુકાનના માલીક દિપક જયસ્વાલ તથા તેના પત્નિ અને અન્ય બે શખ્સો પ્રકાશ જયસ્વાલ તથા ચીકુ ઉર્ફે ભાણા જયસ્વાલે મીને લારી અહીં કેમ મુકે છે કહીને મારઝુડ શરૂ કરી દીધી હતી. સળીયા અને ધોકાથી મારીને ત્રણ જણાને ઘાયલ કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. આ બનાવ અંગે ઈશ્વરભાઈની ફરીયાદને આધારે ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને એ.એસ.આઈ. શાહરભાઈએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સ્વામીનાં બ્લેક મેઈલીંગ કેસમાં સગીરનો પણ ઉપયોગ કરાયો હતો

ગાંધીનગર, તા.૨૯

સ્વામી નિલકંઠની સેકસ કલીપીંગ ઉતારીને એક લેપટોપ વડે સીડી તૈયાર કરી બ્લેક મેઈલીંગના મંગાયેલા રૂ. ૫૦ લાખ માંથી નક્કી થયેલા રૂ. ૨૪ લાખ લેવા માટે ચાર શખ્સો ગયા હતાં. જેમાં ત્રણની ધરપકડ થઈ હતી જ્યારે એક ફરાર થઈ ગયો હતો. તપાસ કરતાં ફરાર થઈ જનાર વ્યકિત ૧૭ વર્ષનો સગીર હોવાનું બહાર આવ્યું છે તેને પકડીને પોલીસે બાલ અદાલતમાં રજુ કરી દીધો છે. કિશોરને રૂપિયાની લાલચ આપીને બ્લેક મેઈલીંગના રૂપિયા લેવા જતી વખતે સાથે ગાડીમાં લઈ જવાયો હતો તો બીજી તરફ આ પ્રકરણમાં માસ્ટર માઈન્ડ દલાલ હજુ ફરાર છે અને તેની પત્નિ સાથે તે ગાયબ થઈ ગયો હોવાનું તપાસ કરવા ગયેલા પોલીસ અધિકારી પાસેથી જાણવા મળ્યું છે.

સ્વામીની સેકસ કલીપીંગ બનાવ્યા બાદ ગુરૂકુળના ટ્રસ્ટીઓ પાસેથી રૂ. ૫૦ લાખની માંગણીને અંતે પતાવટ માટે રૂ. ૨૪ લાખ નક્કી કર્યા બાદ ધમાસણા બસ સ્ટેન્ડ પાસે પૈસા લવાનું નક્કી કર્યું હતું. આ પૈસા લેવા માટે ફ્રંટી ગાડીમાં ચાર શખ્સો આવ્યા હતાં જે પૈકી પોલીસે ત્રણને સ્થળ પરથી જ ઝડપી લીધા હતા જ્યારે એક ફરાર થઈ ગયો હતો. ફરાર થઈ ગયેલા તે વ્યકિતની તપાસ કરીને આજે ધરપકડ કરી લેવામાં આવી છે. તે માઈનોર (સગીર) હોવાનું ધ્યાને આવ્યું છે. ૧૭ વર્ષની ઉંમરના આ કિશોરને લાલચ આપીને સીડી બનાવવા તેનો ઉપયોગ કરાયો હતો.

તેના જ લેપટોપમાં સીડી તૈયાર કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. સગીરને બાલ અદાલતમાં રજુ કરી આ બ્લેક મેઈલીંગ કેસના માસ્ટરમાઈન્ડ શખ્સને પકડવા પોલીસે તજવીજ શરુ કરી છે.

## સ્વામિ સહીત છ સામે ઈમોરલ ટ્રાફીકનો ગુનો

ગાંધીનગર, તા.૨૯

કલોલ સ્વામિનારાયણ ગુરુકુળના સ્વામિ નિલકંઠની સેકસ સીડી કાંડ બહાર આવ્યો છે તેમાં સ્વામિ નિલકંઠ સહિત સગીર વયના એક કિશોર ઉપરાંત દલાલ મળીને કુલ છ શખ્સો વિરૂધ્ધ કલોલ તાલુકા પોલીસે ઈમોરલ ટ્રાફીક એકટ મુજબ ગુનો દાખલ કર્યો છે. હવે સ્વામિની પણ ધરપકડ કરવામાં આવશે જેની શોધખોળ ચાલી રહી છે.

# છઠ્ઠા પગારપંચનો છેલ્લો હપ્તો રોકડમાં અપાતાં કર્મચારીઓનો આવકાર

ગાંધીનગર, તા. ૨૯

રાજય સરકારે કર્મચારી આલમને એક જ અઠવાડિયામાં મોંઘવારી ભથ્થું તથા ૨૦ ટકાનો છઠ્ઠાપગાર પંચનો છેલ્લો હપ્તો રોકડમાં આપી સમગ્ર કર્મચારીઓના વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને જે નિર્ણય કર્યો છે. તેને સમગ્ર કર્મચારી આલમ વતી ગુજરાત રાજય કર્મચારી મહામંડળના પ્રમુખ વિષ્ણુ પટેલ તથા મહામંત્રી આર.એ. પટેલે આવકારી સરકારને અભિનંદન પાઠવી કર્મચારીઓ પ્રત્યેના હકારાત્મક નિર્ણયને બિરદાવ્યો છે અને સરકારને અપીલ કરી છે કે કર્મચારીઓના બાકીના પ્રશ્નો પણ સરકારશ્રી જ્યારે ઉકેલની દિશામાં છે ત્યારે સત્વરે ઉકેલી વધારાની ભેટ કર્મચારીઓને આપે. કર્મચારીઓએ પોતાનું હિતની સાથે ગુજરાતના વિકાસમાં સરકારની સાથે ખભેખભો મિલાવી કામગીરી કરી છે. તેનો બદલો સરકરારે કર્મચારી આલમને આપ્યો છે. તેવું મહામંડળ કન્વીનર ગીરીશ રાવલે અખબારી યાદીમાં જણાવેલ છે.

# ઈન્દ્રોડામાં ખુલ્લી ગટરો ભયજનક દૂષિત પાણી ભરાતા અસહ્ય ગંદકી

## છેલ્લા ૧૫ દિવસથી ગટરો ઉભરાય છે : ગ્રામજનો ત્રાહિમામ

ગાંધીનગર, તા. ૨૯

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં ગટરલાઈનની સુવિધા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમછતાં આ કામગીરી હજુ પૂર્ણ થઈ નથી. બીજી તરફ ખુલ્લી ગટરોના લીધે જોખમી સ્થિતિ સર્જાઈ છે. ઈન્દ્રોડામાં રામજી મંદિર પાસે ખુલ્લી ગટરો ઉભરાતા અસહ્ય ગંદકી ખદબદી રહી છે.

શહેરના સેક્ટરોની સાથે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ ગટર વ્યવસ્થા ખાડે ગઈ છે. સેક્ટરોની શેરીઓની જેમ ગામોની ગલીઓમાં પણ ગટરના દૂષિત પાણીનો ભરાવો થતા ઠેર ઠેર ગંદકી ખદબદી રહી છે. શહેરી વિસ્તારમાં સમાવિસ્ટ ગામોમાં ગટરલાઈનની સુવિધા ઉપલબ્ધ કરવા છેલ્લા ત્રણ વર્ષથી કામ હાથ ધરવામાં આવ્યું છે. આમ છતા ગામડાઓમાં ગટરલાઈનની કામગીરી પૂર્ણ થઈ નથી. જ્યારે કેટલાક ગામોમાં ગટરનાં ઢાંકણ પણ તુટી જતાં ભયજનક સ્થિતિનું નિર્માણ થયું છે. શહેર નજીક સ્થિત ઈન્દ્રોડા ગામમાં પણ છેલ્લા ૧૫ દિવસથી ખુલ્લી ગટરોનું દુષિત પાણી ઉભરાઈ રહ્યું છે. ગામમાં સ્થિત રામજી મંદિર આસપાસના વિસ્તારમાં ગટરોના ઢાંકણ પણ તુટી ગયા છે. જેના પરિણામે ખુલ્લી ગટર લાઈન ગમે ત્યારે અકસ્માત સર્જે તેવી દહેશત છે. ખુલ્લી ગટર લાઈનના લીધે આ વિસ્તારમાં દુષિત પાણીનો ભરાવો થતા અસહ્ય દુર્ગંધ વચ્ચે ગંદકી ખદબદી રહી છે. જેના પરિણામે ગ્રામજનો પણ તોબા પોકારી ગયા છે. તંત્ર કક્ષાએથી ત્વરિત પગલા લેવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## દહેગામમાં યુવાનનો પગ લપસી જતાં મોત

દહેગામ, તા.૨૯

દહેગામ શહેરના ઉગમણા તળાવ પાસે જોરાવર નગરમાં રહેતા સાત બાળકોના પિતા વહેલી સવારે કુદરતી હાજતે તળાવના કિનારે જતા હતા ત્યારે અંધારામાં તળાવની ચોકડીમાં પગ લપસી જતા તે પાણી અને કાદવમાં ગરકાવ થઈ ઝકડાઈ જતા તેમાંથી બહાર નિકળી ન શકતા તેમનું કરુણ મોત નિપજયું હતું.

દહેગામ શહેરના ઉગમણા તળાવ સામે જોરાવર નગરમાં રહેતા દેવીપુજક પરિવારના પરેશભાઈ કનુભાઈ વાઘરી (ઉ.વ.૪૯) આજ રોજ સવારે કુદરતી હાજતે તળાવ પાસે ગયા હતા. જ્યાં ખુબ જ અંધારું હોવાથી તેમનો પગ પાણીમાં લપસી જતા તેઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. વહેલી સવારે અજવાળુ થતા તળાવની આસપાસ રહેતા લોકો અહીં દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.

# દહેગામના ગણેશપુરામાં નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિજેતા ટિમને ટ્રોફિ એનાયત કરાઈ



તસવીર : નિખિલ શાસ્ત્રી

દહેગામ, તા. ૨૯

દહેગામ તાલુકામાં આવેલ ગણેશપુરા ખાતે ગણેશ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં ૧૦૪ ટીમોએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટની ફાઈનલ ૨૭-૪-૨૦૧૩ની રાત્રે રમાઈ હતી. આ ફાઈનલ મેચનો મુકાબલો ખુબજ રોમાંચક બન્યો હતો. ફાઈનલમાં બજરંગ ઈલેવન અને વિહત ઈલેવન વચ્ચે મુકાબલો થયો હતો. જેમાં બજરગ ઈલેવને ૧૪ ઓવરમાં ૧૮૭ રન કર્યા હતા. ટીમ વતી શ્રેષ્ઠ સ્કોર, ૬૭ રનનો સચીને નોંધાવ્યો હતો. જવાબમાં બીજા દાવમાં ઉતરેલી વિહત ઈલેવન ૭૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. બજરંગ ઈલેવન વિજેતા બનતાં આયોજકો દ્વારા સ્વામી વિવેકાનંદ યુવક મંડળના પ્રમુખ યોગેન્દ્રભાઈ શર્મા (ભીખાભાઈ) તથા મંત્રી અમિત ઉપાધ્યાય (સિન્ટી) તથા રોટ્રેક્ટ ક્લબના પ્રમુખ સંદિપભાઈ પટેલના હસ્તે વિજેતા ટિમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ટુર્નામેન્ટનું આયોજન ગણેશપુરાના રહેવાસી ચૌહાણ વિજયસિંહ, ઠાકોર ગોવિંદસિંહ, પરમાર વિક્રમસિંહ અને માસ્ટર રશિદ શેખ દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

## સંરક્ષણ સેવા, પેટા મિલિટરી ફોસિર્સ, પોલીસ ફોર્સની ભરતી માટે

# જિલ્લા રોજગાર કચેરી દ્વારા તાલીમ વર્ગમાં જોડાવા જોગ

ગાંધીનગર, તા.૨૯

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા ગુજરાતના યુવાનો સંરક્ષણ સેવા, પેરા મીલીટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ પોતાનું ઉજ્જવલ ભવિષ્ય બનાવી શકે તેવા ઉમદા આશયથી એક તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ વર્ગમાં શારીરિક/માનસિક ક્ષમતા અને લેખિત પરીક્ષાનું યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. આ તાલીમ વર્ગ ૩૦ દિવસનો રહેશે. સંરક્ષણ સેવા, પેરા મીલીટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સમાં ગુજરાતના યુવાનોની ભરતી થાય તે માટે શારીરિક યોગ્યતા ધરાવતા, ધોરણ-૧૦ પાસ અને ૧૭ ૧/૨ થી ૨૧ વર્ષની ઉંમર અથવા ધોરણ- ૧૨ પાસ, ૧૭ ૧/૨ થી ૨૩ વર્ષની ઉંમર ધરાવતા યુવાનો આ તાલીમ વર્ગનો લાભ લઈ શકશે. આ તાલીમ વર્ગમાં જોડાવવા ઈચ્છુક ઉમેદવારોને પોતાની અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટો આપવાનો રહેશે. ઉમેદવારની શારીરિક ક્ષમતાનો ટેસ્ટ થયા બાદ -થમિક પસંદગી કરવામાં આવશે. પસંદગી થયેલ ઉમેદવારોની સિવિલ હોસ્પિટલમાં ડૉકટર મારફતે તબીબી ચકાસણી થયા બાદ ફાઈનલ યાદી તૈયાર કરવામાં આવશે. તા. ૦૧/૦૬/૨૦૧૩ સુધીમાં જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ડી-બ્લોક, બીજો માળ, મહાનગર સેવા સદન, ગાંધીનગર ખાતે સ્વખર્ચે રૂબરૂ આવી શારિરીક ક્ષમતાનો ટેસ્ટ કરાવી જવાનો રહેશે. આ તાલીમ વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે -થમ ૩૬ ઉમેદવારોને જ પસંદ કરવામાં આવશે. પસંદ થયેલ ઉમેદવારોને દૈનિક રૂપિયા ૧૦૦/- લેખે ૩૦ દિવસના રૂપિયા ૩,૦૦૦/- સ્ટાઈપેન્ડની ચેકથી ચુકવણી કરવામાં આવશે. તેમજ જમવાની વ્યવસ્થા પણ વિના મૂલ્યે આપવામાં આવશે.

વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરીના હેલ્પ લાઈન ફોન નંબર- ૨૩૨ ૫૭૫૭૧ પર સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીશ્રી, ગાંધીનગરે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫

સૂર્યાસ્ત : ૭.૦૭

## તાપમાન

મહત્તમ : ૪૦.૬ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ડૉરેમોન (હિન્દી) : ૯.૪૫, ૨.૦૦, ૬.૧૫

ઈસક્યુ ઈન પેરીસ : ૧૨.૦૦, ૪.૧૫, ૧૧.૦૦

હમ હૈ રૈહી કાર કે : ૮.૩૦

: સ્ક્રીન-૨ :

ગો ગોઆ ગોને : ૯.૦૦

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૧.૧૫

આશિકી-૨ : ૨.૦૦, ૭.૩૦

ઔરંગજેબ : ૪.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૯.૦૦, ૫.૦૦, ૧૦.૧૫

ઔરંગજેબ : ૧૨.૦૦

ગો ગોઆ ગોને : ૨.૪૫, ૮.૦૦

: સ્ક્રીન-૪ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

ઔરંગજેબ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ઈશ્ક ઈન પેરીસ : ૧૦.૦૦, ૩.૦૦

જિંદગી ૫૦-૫૦ : ૧૨.૩૦, ૫.૩૦

આશિકી- ૨ : ૭.૧૫, ૧૦.૦૦

### ચિરાગ, કલોલ

રફતાર કા ઝનૂન - ૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે.

**વૃષભ** : યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

**કર્ક** : વ્યાપાર- દૈનિક રોજગારમાં વિશેષ લાભનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ.

**સિંહ** : શુભ ફળ પ્રાપ્ત થશે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી, રોગ, ઋણ સંબંધી કાર્યોમાં સંયમ રાખવું.

**કન્યા** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે. ગૂઢ કાર્યોમાં શોધનો યોગ.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકે છે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

**મીન** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

## ચિરવિદાય

- સ્વ. અમાજી જીવાજી ઠાકોર (ઉ.વ. ૩૫) મુ.પો. પ્રાંતિયા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સોમાભાઈ વીરાભાઈ દેસાઈ (ઉ.વ. ૯૦) મુ.પો. હાલિસા, તા. દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. ચંદુબેન શંકાજી ઠાકોર (ઉ.વ. ૯૦) મુ.પો. ચાંદીસણા, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. સિદ્ધરાજસિંહ દીપસિંહ વાઘેલા (ઉ.વ. ૨૫) મુ.પો. સરગાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અમૃતલાલ ધૂળાલાલ દરજી (ઉ.વ. ૭૦) પ્લોટ નં. ૪૪૧/૨, સેકટર-૩/સી, ગાંધીનગર.
- સ્વ. રવજીભાઈ કાનજીભાઈ સોલંકી (ઉ.વ. ૭૫) બ્લોક નં. ૪૯૯/૨, સેકટર-૧૨, ગાંધીનગર.
- સ્વ. કુંવરબેન સોમાભાઈ પરમાર (ઉ.વ. ૯૦) પ્લોટ નં. ૧૩૫/૨, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. જશુમતીબેન રતીલાલ રાજગોર (ઉ.વ. ૮૫) પ્લોટ નં. ૧૩૬૪/૨, સેકટર-૩/બી, ગાંધીનગર.
- સ્વ. ધૂળીબેન કેશાજી ઠાકોર (ઉ.વ. ૫૦) મુ.પો. મોટી શિહોલી, તા., જિ. ગાંધીનગર.